## આંક– ૫ લગત હુકમ

(૧) અરજી તથા રેકર્ડ વંચાણે લીધું, વાદી તરફે આંક–૧૮ થી રજુ થયેલ લેખીત દલીલો વંચાણે લીધી, પ્રતિવાદીઓ તરફે કોઈ દલીલ રજુ કરવામાં આવેલ નથી.

(૨) આ કામના વાદીએ રે. દિ. મુ. નં. ૯૬/૨૦૨૦ થી આ કામના પ્રતિવાદી વિરૂધ્ધ કાયમી મનાઈહુકમ મેળવવા માટે દાવો દાખલ કરેલ છે અને દાવો ચાલતાં સુધી વચગાળાનો મનાઈ હુકમ મેળવવા માટે સી. પી. સી. ઓર્ડર– ૩૯, રૂલ– ૧, ૨ મુજબ હાલની અરજી રજુ કરેલ છે.

(૩) આ કામના પ્રતિવાદીને હાલની અરજી સંબંધે નોટિસની બજવણી થતાં તેઓએ પોતાના વકીલશ્રી મારફતે હાજર થઈ આંક–૧૧ થી લેખિત જવાબ રજુ કરેલ છે. જેમાં તેમણે મુખ્યત્વે વાદીનો દાવો તથા હાલની અરજીની હકીકતો ખોટી હોવાનું જણાવેલ છે. વધુમાં જણાવ્યા મુજબ દાવાવાળી મિલકત તેઓએ કાયદેસરનો અવેજ ચુકવીને વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે. જેથી પ્રતિવાદીઓ દાવાવાળી મિલકત ના માલીક કબજેદાર બનેલ છે અને રેવન્યુ રેકર્ડમાં પણ પ્રતિવાદીઓના નામ ચાલે છે. આ કામના વાદીઓ બદદાનતથી દાવાવાળી મિલકત પચાવી પાડવા માંગતા હોઈ હાલનો ખોટો દાવો લાવેલ છે, જેથી દાવો રદ કરવા તથા હાલની મનાઈ હુકમ મેળવવાની અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૪) હાલની અરજીનો નિર્ણય કરતી વખતે વાદી દાવામાં સફળ થશે કે કેમ તે આ અદાલતે જોવાનું રહેતું નથી. પરંતુ, વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે કે કેમ?, અગવડતા સગવડતાની સમતુલા કોની તરફેણમાં છે? અને જો માંગ્યા મુજબનો મનાઈહુકમ ફરમાવવામાં ન આવે તો વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થવાની કોઈ શકયતા રહેલી છે કે કેમ? તેટલું જ જોવાનું રહે છે.

(૫) વાદીની દાવા અરજીની હકીકત તથા હાલની અરજીમાં જણાવેલ હકીકતો તેમજ રજુ થયેલ સાધનિક કાગળો વંચાણે લેતાં જણાય છે કે દાવાવાળી મિલ્કત રેવન્યુ રેકર્ડમાં હાલમાં આ કામના પ્રતિવાદીઓના નામે ચાલે છે તેમજ પ્રતિવાદીઓએ સદર મિલકત વેચાણ દસ્તાવેજ નં.૨૨૦/૨૦૧૪ થી વેચાણ રાખેલ હોવાનું જણાય છે અને તે રીતે આ કામના પ્રતિવાદીઓ તકરારી મિલકતના નોંધાયેલ માલીક છે. વધુમાં આ કામના વાદીએ દાવાવાળી મિલકત ઉપર પોતાનો કઈ રીતે હકક દાવો દર્શાવે છે તેમજ કયા આધારે પ્રતિવાદીઓની તરફેણમાં થયેલ વેચાણ દસ્તાવેજ ગેરકાયદેસરનો કે ખોટો છે તે પ્રથમ દર્શનીય રીતે રેકર્ડ પર લાવવામાં નિષ્ફળ ગયેલ છે. આ સંજોગોમાં વાદીના પ્રથમ દર્શનીય કેસ જણાતો નથી તેમજ અગવડતા સગવડતાની સમતુલા પણ વાદીની તરફેણમાં જણાતી નથી અને જો વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થવાની કોઈ શકયતા હાલના તબકકે જણાતી નથી. વધુમાં કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતાં ત્રાહીત વ્યકતીની તરફેણમાં નોંધાયેલ માલીક વિરૂધ્ધ મનાઈ હુકમ ફરમાવી શકાય નહી. જેથી વાદીની હાલની અરજી મંજુર થવા પાત્ર જણાતી ન હોઈ ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

વાદીની હાલની અરજી આથી નામંજુર યાને કે રદ કરવામાં આવે છે.

– આ અરજીનો ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

હુકમ આજ તા.૧૫ મી માહે ઓકટોબર સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહિ કરી જાહેર કર્યો.

મુ. કપડવંજ
તા.૧૫/૧૦/૨૦૨૪

(એચ. એ. પંડયા)
બીજા એડી. સીની. સીવીલ જજ,
કપડવંજ
જી.જે. ૦૧૨૦૩